# ભારતીય જનતા પક્ષ

# ભાજપના પ્રવક્તા અને સાંસદ

# શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

## સિટીઝન ચાર્ટર ખરડો ૨૦૧૧

કેન્દ્રીય પ્રધાનમંડળે સિટીઝન ચાર્ટર ખરડો ૨૦૧૧ને મંજુર કર્યો. તે ખરડો રાજ્યોના અધિકારક્ષેત્ર પર સીધી તરાપ છે, કારણ કે તમામ રાજ્યોએ પણ ફરજિયાતપણે એવો જ કાયદો લાગુ કરવો પડશે. દસથી વધુ રાજયો સિટીઝન ચાર્ટર કાયદો એટલે કે જાહેર સેવા ખાતરી કાયદો પોતપોતાના રાજ્યોમાં લાગુ કરી ચુક્યા છે. જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, અને હિમાચલ પ્રદેશમાં આવો કાયદો છે. તેઓના કાયદામાં અનેક જોગવાઈઓ કેન્દ્ર સરકારના સૂચિત કાનુનન સરખામણીએ બહેતર છે.

બંધારણની યાદી-૨ની કલમ-૪૧ અંતર્ગત રાજ્યોને જાહેર સેવા કાયદો લાગુ કરવાની સત્તા અપાયેલી છે. માટે કેન્દ્ર સરકારે રાજ્યોને ફરજિયાતપણે આવો કાયદો ઘડવા યાદી-૩ની કલમ-૮ હેઠળ જણાવ્યું છે.

કેન્દ્ર સરકાર કેન્દ્રીય સેવાઓ માટે સિટીઝન ચાર્ટર કાયદો લાવી શકે છે, પણ રાજ્યોના અધિકારોમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. કેન્દ્ર સરકાર આદર્શ કાયદો લાવી શકે છે.

## રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રી

સરકારે છેવટે એ બાબતની કબુલાત કરી છે કે રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીનાં કાર્યમાં વિલંબ થયો છે. તેનું કારણ એ છે કે આધારમાંથી પૂરતાં પ્રમાણમાં બાયોમેટ્રિક ડેટા મળ્યો નથી. સરકારે પ્રશ્ન-૯૯૫ના ઉત્તરમાં એવી સ્પષ્ટતા કરી

છે કે રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીએ માગેલી માહિતી કાગળ પર તૈયાર છે. સમગ્ર દેશભરમાં ઘરોની યાદી તથા ઘરોની વસતિ ગણતરીનાં આંકડા એકત્ર કરવાનું કાર્ય ૨૦૧૦માં પૂર્ણ થઇ ચૂક્યું છે. રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીને મળેલી ૨૬ કરોડ અરજીઓનું સ્કેનિંગ પૂર્ણ થઇ ગયું છે. ૧૧૪ કરોડ રેકોર્ડની ડેટા એન્ટ્રીનું કામ પણ પૂર્ણ થઇ ગયું છે. પરંતુ બાયોમેટ્રિક ડેટા ફક્ત ૧૧ કરોડ વ્યક્તિઓના જ ઉપલબ્ધ છે.

આનો અર્થ એવો થયો કે રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીનું બાયોમેટ્રિક ડેટાનું મહત્ત્વનું કાર્ય અટવાઈ પડ્યું છે. નાગરિકત્વ કાર્ડ અને તેના રેકોર્ડ માટે આ બાબત અગત્યની છે. રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ પણ તે મહત્ત્વની બાબત છે. સરકારે અન્ય એક સવાલનાં જવાબમાં કહ્યું છે કે અત્યાર સુધી ફક્ત ૨૨ કરોડ લોકોના બાયોમેટ્રિક ડેટા જ એકત્ર થયા છે. બંને ઉત્તરો પર નજર કરીએ તો માલુમ પડે છે કે રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીનું કાર્ય બાયોમેટ્રિક ડેટાના અભાવે અટવાઈ પડ્યું છે.

ભાજપ એવી માગણી કરે છે કે સરકારે રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટ્રીનાં આધારે નાગરિકત્વ રજીસ્ટર બનાવવા સ્પષ્ટ યોજના ઘડી કાઢવી જોઈએ.

(આર.કે.સિંહા)
માનદ મંત્રી
ભાજપ સંસદીય પક્ષ